# “CYBER SECURITY - 2016”

## CGPIT માલીબા કેમ્પસમાં સફળતાપૂર્વક વર્કશોપ પ્રોગ્રામ યોજાયો

**બારડોલી :** બારડોલી સ્થિત સી.જી.પટેલ ઈન્ટીસ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનિયરીંગ ડીપાર્ટમેન્ટ ખાતે ત્રણ દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૦૬–૦૮ ઓકટોબર,૨૦૧૬ ના રોજ ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનિયરીંગ અને એલાન, આઈ.આઈ.ટી. હૈદરાબાદના સહયોગથી "સાઈબર સિકયોરીટી – ૨૦૧૬" પર ટ્રેનિંગ અને ઈન્ડસ્ટ્રીયલ એકસપોઝર આપવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ઈન્ડસ્ટ્રીના અગ્રણી પ્રશિક્ષક મનીષ ભારદ્વાજ અને સુમીત લકરા, એઝયુર સ્કાયનેટ તરફથી વિદ્યાર્થીઓને ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ અંગેનું માર્ગદર્શન પાડયું હતું.

ત્રણ દિવસના પ્રોગ્રામના અંતે યોજવામાં આવેલ ચેમ્પીયનશીપ પરીક્ષામાં સી.જી.પટેલ ઈન્ટીસ્ટીટયુટ ઓફ ટેકનોલોજી બારડોલીના ત્રણ વિદ્યાર્થી પાર્થ શાહ પ્રથમ, સ્નેહ જોગાની દ્વિતિય અને પિયુષ લોડલીયા તૃતિય ક્રમે આવ્યા હતા. ઉપરોકત વિદ્યાર્થીઓને નેશનલ લેવલ પર ભાગ લેવા મોકલવામાં આવશે.

આ પ્રોગ્રામમાં ચીફ પેટર્ન અને પ્રોવોસ્ટ ડો.ડી.આર.શાહ, પેટર્ન અને ડાયરેકટર ડો.એન.સી.શાહ, ડીપાર્ટમેન્ટ હેડ પ્રો. રાકેશ ગજરે અને પ્રોગ્રામ કો–ઓરડીનેટર જેમિસ મૈસુરીયા, અજય કુમાર સિંગ અને જયેશ મુંજાણીના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.